www.shaktitravels.com
નેશનલ અને ઇન્ટરનેશનલ એસ્કોર્ટેડ ટૂર
ટૂર ઓપરેટર્સ
ઇન્ડીવીડ્યુઅલ પેકેજ
ઇન્સેન્ટીવ ગ્રુપ ટૂર
ક્રૂઝ હોલિડે
ટૂરીસ્ટ વીઝા આસીસ્ટન્ટ
એર ટીકીટ્સ
હોટેલ બુકિંગ
shakti TM TRAVELS
Your Journey Partner Since 1977
"શુકન" સ્વસ્તીક ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯. (ગુજરાત) ભારત.
ફોન: +91 79 26408388, 40218888
ફેક્સ: +91 79 40218800
Email: Inquiry domestic@shaktitravels.com
inquiry_international@shaktitravels.com

# લોકમિત્ર

01-05-2026
Friday

email: lokmitra1948@gmail.com

વર્ષ ૨૩ ● અંક ૭૦ ● કિંમત : રૂા. ૧.૦૦ ● પાનાં : ૪ ● RNI No.: GUJGUJ/2002/07443, ● ફોન નં. ૨૬૫૬૮૪૭૭,

# ૬૬માં 'ગુજરાત ગૌરવ દિવસ' નિમિત્તે મુખ્યમંત્રીશ્રીનો પ્રજાજોગ સંદેશ

ગાંધીનગર એચ.ઓ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે દેશ અને દુનિયામાં વસતા સૌ વ્હાલા ગુજરાતી ભાઈ-બહેનોને રાજ્ય સરકાર અને મંત્રીમંડળના સૌ સભ્યો વતી ૦૧ મે-૨૦૨૬ના રોજ ૬૬માં 'ગુજરાત સ્થાપના દિન'ની શુભેચ્છાઓ પાઠવી હતી.

મુખ્યમંત્રીશ્રીનો ગુજરાત સ્થાપના-ગૌરવ દિન નિમિતે પ્રજાજોગ સંદેશ અક્ષરશઃ આ પ્રમાણે છે.

**: મુખ્યમંત્રીશ્રી :**

- **તાજેતરમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં જનતાએ અમને પ્રચંડ સમર્થન આપીને વિશ્વાસ અકબંધ રાખ્યો છે, આ પ્રેમનો નતમસ્તકે અમે ઋણ સ્વીકાર કરીએ છીએ**
- **વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝનરી નેતૃત્વ થકી શરૂ થયેલી 'વાઈબ્રન્ટ સમિટ'ની સતત સફળતાને પગલે ગુજરાત આજે 'ગ્લોબલ ગેટ-વે ટુ ધી ફ્યુચર' અને દેશમાં સૌથી ઓછો બેરોજગારી દર ધરાવતું રાજ્ય બન્યું**
- **ઈન્ફ્રાસ્ટક્ચર ડેવલપમેન્ટના ધ્યેય સાથે સુરત અને તેની આસપાસના વિસ્તાર માટે 'સુરત ઈકોનોમિક રિજીયન ડેવલોપમેન્ટ પ્લાન' તૈયાર : ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાતના વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે નવા ૬ રિજનલ ઈકોનોમિક માસ્ટર પ્લાન તૈયાર થઈ રહ્યા છે**

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત સ્થાપના દિન નિમિતે સંદેશો પાઠવતા જણાવાયું હતું કે, મહાત્મા ગાંધી, સરદાર સાહેબ, સ્વામી દયાનંદ સરસ્વતી, શ્યામજી કૃષ્ણ વર્માના આશીર્વાદ, પૂજ્ય રવિશંકર મહારાજ, ઈન્દુચાચા જેવા અનેક મહાપુરુષોની પ્રેરણા અને માર્ગદર્શન, લોકોનો અવિરત કઠોર પરિશ્રમ બધાના સહયોગથી ગુજરાતે પોતાની વિકાસ યાત્રા શરૂ કરી હતી. આજે એ સૌના ઋણ સ્વીકાર કરવાનો અવસર છે.

તેમણે ઉમેર્યુ કે, ગુજરાત ૧લી મે ૧૯૬૦ના દિવસે જ્યારે મુંબઈથી અલગ રાજ્ય બન્યું ત્યારે સૌના મનમાં પ્રશ્ન હતો કે માત્ર રણ, દરિયો અને ડુંગર ધરાવતું રાજ્ય કેવી રીતે આગળ વધશે. પરંતુ,૧૯૬૦થી ૨૦૦૦ના ચાર દાયકાની ગુજરાતની વિકાસયાત્રા અને વર્ષ ૨૦૦૧ પછીના અઢી દાયકાની અવિરત વિકાસયાત્રાનો દીવા જેવો સ્પષ્ટ ફરક સૌ કોઈ આજે જોઈ શકે છે. ગુજરાત આજે વિકાસની એવી ઊંચાઈ પર છે કે વિશ્વ આખું ગુજરાત તરફ આકર્ષાયું છે.તેના મૂળમાં છે આપણને મળેલું શ્રી નરેન્દ્ર મોદી જેવું વિઝનરી નેતૃત્વ અને વિકાસ માટેની પ્રતિબદ્ધતા.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યુ કે, શ્રી મોદી સાહેબે વિકાસની રાજનીતિનો યુગ ગુજરાતમાં વિકસાવ્યો. ગુજરાત તેમની પ્રેરણાથી આજે દેશના વિકાસનું રોલ મોડલ બની ગયું છે. જનતા જનાર્દને પણ આ અવિરત વિકાસ યાત્રાને સતત આગળ ધપાવવા માટે શ્રી મોદી સાહેબના નેતૃત્વમાં અપાર વિશ્વાસ અને ભરોસો મૂક્યો છે. એ જ ભરોસો અને વિશ્વાસ તમે સૌએ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની તાજેતરની ચૂંટણીઓમાં પણ અમને પ્રચંડ સમર્થન આપીને અકબંધ રાખ્યો છે.આ પ્રેમનો નત મસ્તકે અમે ઋણ સ્વીકાર કરીએ છીએ.

તેમણે ઉમેર્યુ કે, વડાપ્રધાનશ્રીએ ગુજરાતને દેશનું ગ્રોથ એન્જિન બનાવવા દરેક ક્ષેત્રો વિકાસની ચરમસીમા પાર કરીને પરિશ્રમની પરાકાષ્ઠા સર્જી છે.વડાપ્રધાનશ્રીએ વિજળી, પાણી, રોડ નેટવર્ક, આરોગ્ય, શિક્ષણ અને સામાજિક સેવાઓની બેઝિક જરૂરીયાતો સંતોષવા ઉપર ફોકસ કરીને આ બધા ક્ષેત્રોમાં આમૂલ પરિવર્તન લાવી દીધું છે. આજે 'જ્યોતિગ્રામ યોજના'થી ૨૪ કલાક સતત થ્રી ફેઈઝ વીજળી રાજ્યના અંતરિયાળ વિસ્તારોના ગામો સુધી મળી રહી છે. વીજળી ઉત્પાદનની ક્ષમતા ૮,૭૫૦ મેગાવૉટમાંથી વધીને લગભગ ૫૩ હજાર મેગાવોટ થઈ છે.ગુજરાત દેશનું એક માત્ર રાજ્ય છે, જ્યાં ગેસ ગ્રીડ, વોટરગ્રીડ અને ઈલેક્ટ્રીસિટી ગ્રીડનું નિર્માણ થયું છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ કે, ઔદ્યોગિક-સાંસ્કૃતિક-સામાજિક



**વિશ્વ આખું આજે ગુજરાતના વિકાસ મોડલથી પ્રભાવિત થઇને ગુજરાત તરફ આકર્ષાયુંઃમુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ**

વિકાસની સાથે આપણે અર્બન ડેવલપમેન્ટને વધુ ગતિ આપવા ૨૦૨૫ના વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવ્યું અને શહેરી વિકાસ માટેનું બજેટ ૪૦ ટકા વધાર્યુ છે. વેપારી રાજ્ય તરીકે ઓળખાતા ગુજરાતમાં મૂડીરોકાણ વધે, નવા વેપાર ઉદ્યોગો વિકસે તે માટે શ્રી નરેન્દ્રભાઈએ ૨૦૦૩થી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટની શરૂઆત કરાવી હતી. વાઈબ્રન્ટ સમિટની સતત સફળતાને પગલે ગુજરાત આજે 'ગ્લોબલ ગેટ-વે ટુ ધી ફ્યુચર' અને દેશમાં સૌથી ઓછો બેરોજગારી દર ધરાવતું રાજ્ય બન્યું છે. આપણા દરેક જિલ્લાની પોતાની આગવી પ્રોડક્ટ અને વિશેષ સ્ટ્રેન્થ છે. વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી આપણે આ સ્ટ્રેન્થને 'વોકલ ફોર લોકલથી ગ્લોબલ પ્લેટફોર્મ' આપવા વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સીસ શરૂ કરી છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છ પ્રદેશની આવી કોન્ફરન્સને જ્વલંત સફળતા મળી છે, હવે દક્ષિણ ગુજરાત પ્રદેશની વી.જી.આર.સી.નો ગુજરાત સ્થાપના દિવસથી સુરતમાં પ્રારંભ થયો છે.

તેમણે ઉમેર્યુ કે, હવેનો જમાનો સોલાર, વિન્ડ અને હાઈબ્રીડ રીન્યુઅલ એનર્જીનો અને ગ્રીન હાઈડ્રોજનથી ગ્રીન ગ્રોથનો છે. ગુજરાતે તો એ દિશામાં ક્યારનુંય આયોજન કરી દીધું છે. આપણી રિન્યુએબલ એનર્જી કેપેસિટી દેશની કુલ કેપેસિટીના ૧૫ ટકા થઈ છે. સોલાર રૂફટોપ યોજનામાં ગુજરાત ત્રણ લાખથી વધુ ઘરો આવરી લઈને બહુ આગળ નીકળી ગયું છે.

એટલું જ નહીં, પરંપરાગત ઉદ્યોગોથી આગળ વધીને આપણે રાજ્યમાં હાઈટેક ઈન્ડસ્ટ્રીઝ સ્થાપનાને વેગ આપ્યો છે. રાજ્યમાં બે સેમિકન્ડક્ટર પ્લાન્ટ કાર્યરત થયા છે અને બે હજુ થવાના છે. સાણંદ અને ધોલેરા સેમિકોન ઈન્ડસ્ટ્રીના હબ બનવાના છે.

AI આધારિત ઉદ્યોગોને વેગ આપવા માટે ગિફ્ટ સિટી ખાતે એ.આઈ. સેન્ટર ઓફ એક્સેલન્સની સ્થાપના કરી છે.

તેમણે કહ્યુ કે, રાજ્યના સર્વગ્રાહી વિકાસમાં ઈન્ફ્રાસ્ટક્ચર ડેવલપમેન્ટની પણ એટલી જ મહત્વની ભૂમિકા છે. નીતિ આયોગની મદદથી સુરત અને તેની આસપાસના વિસ્તારના સ્ટ્રેટેજીક ડેવલોપમેન્ટ માટે સુરત ઈકોનોમિક રિજીયન ડેવલોપમેન્ટ પ્લાન તૈયાર કર્યો છે. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાતના વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે પણ આવા ૬ રિજનલ ઈકોનોમિક માસ્ટર પ્લાન તૈયાર થઈ રહ્યા છે.

વિકાસની તકો વધારવાની સાથે સાથે લોકોનું જીવનધોરણ સરળ બને તે માટે આપણે 'અર્નિંગ વેલ લિવિંગ વેલ' પર ફોકસ કરીને ૨૦૪૭ના વિકસિત ગુજરાતનો રોડમેપ ઘડ્યો છે. દેશમાં એક માત્ર આપણું ગુજરાત જ એવું રાજ્ય છે જેને આવું આગવું વિકાસ વિઝન વિકસાવ્યું છે. 'અર્નિંગ વેલ અને લિવિંગ વેલ'ની વિભાવના સાથે સસ્ટેનેબલ ડેવલપમેન્ટ માટે પર્યાવરણ અનુકૂળ વિકાસનું આપણું લક્ષ્ય છે. પર્યાવરણ જાળવણીથી ગ્લોબલ વૉર્મિંગના પડકારોનો સામનો કરવા વડાપ્રધાનશ્રીએ 'મિશન લાઈફ'ની પ્રેરણા આપી છે. એનો પ્રતિસાદ આપતાં આપણે વરસાદી પાણીના સંચય માટે 'કેચ ધ રેઈન'ની રાજયવ્યાપી ઝુંબેશ શરૂ કરી છે.

'એક પેડ માં કે નામ' અન્વયે વધુને વધુ વૃક્ષો વાવીને ધરતી માતાને હરિયાળી બનાવી છે. પર્યાવરણ જાળવણી સાથે સ્વાસ્થ્ય અને તંદુરસ્તી માટે રમત-ગમતને પણ પ્રોત્સાહન આપીએ છીએ.

તેમણે ઉમેર્યુ કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના સફળ પ્રયાસોથી ગુજરાતને 'કોમનવેલ્થ ગેમ્સ'ની યજમાની કરવાનો અવસર મળ્યો છે. આ કોમનવેલ્થ ગેમ્સથી વિશ્વને ભારતને આંગણે આવકારવા અને ગુજરાતને સ્પોર્ટ્સ હબ બનાવવા આપણે ઉચ્ચ કક્ષાનું સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવી રહ્યાં છીએ. દેશની આઝાદીના ૧૦૦ વર્ષ ૨૦૪૭માં પૂર્ણ થાય ત્યાં સુધીમાં વિકસિત ભારત ૨૦૪૭નું વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આહવાન કર્યુ છે. ૨૦૪૭સુધીના આ સમયને તેમણે દેશનો અમૃતકાળ કહ્યો છે. આ અમૃતકાળમાં ગુજરાતને તો તેની સ્થાપનાના ૭૫ વર્ષ અમૃત મહોત્સવ ૨૦૩૫માં ઉજવવાની એક મોટી તક મળી છે. વર્ષ ૨૦૩૫ સુધીમાં આપણે ગુજરાતને દુનિયાને વિકાસનું દિશાદર્શન કરાવનારું મોડેલ સ્ટેટ બનાવવું છે.

આપણો તો એક જ સંકલ્પ છે, ગરીબ, અન્નદાતા, યુવાઓ, નારી શક્તિ, વંચિત અને નાનામાં નાના માનવીને, પીએમ કિસાન સન્માન નિધિ, પીએમ આવાસ યોજના, પીએમ ગરીબ કલ્યાણ અન્ન યોજના અને જરૂરતમંદ સૌને આયુષ્માન ભારતનું વડાપ્રધાનશ્રીનું આરોગ્ય રક્ષા કવચ પણ પૂરું પાડીને તંદુરસ્ત સમાજથી વિકાસની મુખ્યધારામા લાવીને 'સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસ'થી ગુજરાત વિકાસના દરેક ક્ષેત્રોમાં પ્રથમ ક્રમે રહે.

આજના ગુજરાત ગૌરવ દિવસે વિકસિત ભારત@૨૦૪૭ માટે વિકસિત ગુજરાતનો અને ગુજરાતના વિકાસ માટે સમર્પિત થવાનો સૌ સાથે મળીને સંકલ્પ કરીએ.

ફરી એકવાર, સૌને 'ગુજરાત ગૌરવ દિવસ'ની અનેક અનેક શુભેચ્છાઓ. ભારત માતા કી જય... વંદે માતરમ્...જય જય ગરવી ગુજરાત...

---

## પ્રધાનમંત્રીએ સંસ્કૃત સુભાષિત શેર કર્યું, જે સમજાવે છે કે ઉત્સાહ અને સકારાત્મક ઉર્જા કેવી રીતે સફળતા તરફ દોરી જાય છે.

પી.આઇ.બી. અમદાવાદ

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે સંસ્કૃત સુભાષિત શેર કરીને ભાર મૂક્યો છે કે ઉત્સાહ અને સકારાત્મક ઉર્જા વ્યક્તિને તેમના કાર્યોમાં સતત સક્રિય રહેવા માટે પ્રેરણા આપે છે.

પ્રધાનમંત્રીએ નોંધ્યું કે આ અતૂટ ઉત્સાહ વ્યક્તિ જે પણ પ્રયાસો પૂર્ણ કરવા માટે સંકલ્પ કરે છે તેમાં સફળતા તરફ દોરી જાય છે.

પ્રધાનમંત્રીએ X પર પોસ્ટ કર્યું: "દેશના મહેનતુ અને ઉર્જાવાન નાગરિકો રાષ્ટ્રની સૌથી મોટી શક્તિ છે, જેમની સખત મહેનત વિકાસ માટે નવા માર્ગો બનાવે છે. તેમના પ્રયાસો દેશને સમૃદ્ધિ, આત્મનિર્ભરતા અને પ્રગતિના શિખર સુધી પહોંચવામાં મદદ કરે છે.

"अनिर्वेदो हि सततं सर्वार्थेषु प्रवर्तकः।
करोति सफलं जन्तोः कर्म यच्च करोति सः॥"

ઉત્સાહ અને સકારાત્મક ઉર્જા વ્યક્તિને તેમના કાર્યોમાં સતત સક્રિય રહેવા માટે પ્રેરણા આપે છે. આ અતૂટ ઉત્સાહ વ્યક્તિ જે પણ પ્રયાસો પૂર્ણ કરવાનો સંકલ્પ કરે છે તેમાં સફળતા તરફ દોરી જાય છે.

## ECI એ મતગણતરી કેન્દ્રો પર સુરક્ષા મજબૂત કરવા માટે QR-આધારિત ID સિસ્ટમ રજૂ કરી

પી.આઇ.બી. અમદાવાદ

મતગણતરી કેન્દ્રોમાં કોઈપણ અનધિકૃત વ્યક્તિઓના પ્રવેશની શક્યતાને દૂર કરવા માટે, ભારતના ચૂંટણી પંચે (ECI) ECINET પર QR કોડ-આધારિત ફોટો આઈડેન્ટિટી કાર્ડ મોડ્યુલ રજૂ કર્યું છે.

મે ૦૪, ૨૦૨૬ ના રોજ આસામ, કેરળ, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ અને પુડુચેરીની વિધાનસભાઓની સામાન્ય ચૂંટણીઓ અને ૫ રાજ્યોની ૭ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી માટે યોજાનારી મતગણતરીથી શરૂ કરીને, આ સિસ્ટમ લોકસભા અને રાજ્ય વિધાનસભાઓની ભાવિ તમામ સામાન્ય અને પેટાચૂંટણીઓ સુધી લંબાવવામાં આવશે.

આ મહત્વપૂર્ણ પહેલ ભારતના ચૂંટણી પંચ દ્વારા છેલ્લા એક વર્ષમાં લેવામાં આવેલી ૩૦ થી વધુ પહેલોની શ્રેણીના ચાલુ ભાગરૂપે છે, જેમાં BLOs માટે પ્રમાણિત QR કોડ આધારિત ફોટો ID કાર્ડ્સની રજૂઆતનો સમાવેશ થાય છે. મતગણતરી કેન્દ્રો પર ઓળખની ચકાસણી માટે ત્રિ-સ્તરીય સુરક્ષા વ્યવસ્થા નિર્ધારિત કરવામાં આવી છે. પ્રથમ અને બીજા સ્તરે, RO દ્વારા જારી કરાયેલ ફોટો આઈડેન્ટિટી કાર્ડ્સ મેન્યુઅલી તપાસવામાં આવશે. મતગણતરી હોલની નજીકના ત્રીજા અને સૌથી અંદરના સુરક્ષા કોર્ડન પર, QR કોડ સ્કેનિંગ દ્વારા સફળ ચકાસણી પછી જ પ્રવેશની મંજૂરી આપવામાં આવશે. નવા QR કોડ-આધારિત ફોટો આઈડેન્ટિટી કાર્ડ્સ ECI દ્વારા મતગણતરી કેન્દ્રો અને હોલમાં પ્રવેશવા માટે અધિકૃત વ્યક્તિઓની શ્રેણીઓ માટે લાગુ થશે, જેમાં રિર્ટનિંગ ઓફિસર્સ, આસિસ્ટન્ટ રિર્ટનિંગ ઓફિસર્સ, ગણતરી સ્ટાફ, ટેકનિકલ પર્સનલ, ઉમેદવારો, ચૂંટણી એજન્ટો અને ગણતરી એજન્ટો વગેરેનો સમાવેશ થાય છે. અધિકૃત મીડિયા વ્યક્તિઓની સુવિધા માટે દરેક મતગણતરી કેન્દ્રમાં મતગણતરી હોલની નજીક એક મીડિયા સેન્ટર સ્થાપવામાં આવશે. કમિશનની વર્તમાન સૂચનાઓ અનુસાર ECI દ્વારા જારી કરાયેલ અધિકૃત પત્રોના આધારે મીડિયાકર્મીઓનો પ્રવેશ ચાલુ રહેશે. જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને રિર્ટનિંગ ઓફિસરોને સીમલેસ અને સુરક્ષિત એક્સેસ કંટ્રોલ સુનિશ્ચિત કરવા માટે નિર્ધારિત ચેકપોઈન્ટ્સ પર તાલીમબદ્ધ કર્મચારીઓની તૈનાત સહિત આ સિસ્ટમના અસરકારક અમલીકરણ માટે તમામ જરૂરી વ્યવસ્થા કરવા નિર્દેશ આપવામાં આવ્યો છે.

---

### ઔદ્યોગિક એકમોને રાજ્ય સરકારે 'સિંગલ ક્લિક'થી રૂ. ૧૩૪૯ કરોડ સહાય ચૂકવી

## VGRC, સુરત અંતર્ગત આજે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે "Single Click Payment Program"નું આયોજન કરવામાં આવ્યું હતું

### વિવિધ ઔદ્યોગિક તથા MSME યોજનાઓનાં લાભાર્થીઓને સમયસર સહાય મળતી રહે તે માટે પ્રક્રિયાને વધુ કાર્યક્ષમ, સરળ અને ટેક્નોલોજી આધારિત બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે : નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી

***આ સહાયમાં મુખ્યત્વે MSMEની વિવિધ યોજના હેઠળ ૭,૪૯૫ લાભાર્થીઓને ૨૯૯.૭૫ કરોડ, ટેક્ષટાઈલ યોજનામાં ૩,૪૨૩ લાભર્થીઓને ૫૩૮.૭૬ કરોડ તથા મોટા ઉદ્યોગોનાં ૧૧૧ લાભાર્થીઓને ૫૧૦.૯૯ કરોડની સહાય ચૂકવવામાં આવી***




ગાંધીનગર એચ.ઓ

ગુજરાત સરકારનાં ઉદ્યોગ અને સુક્ષ્મ, લઘુ અને મધ્યમ કક્ષાનાં ઉદ્યોગોનાં (Micro, Small, and Medium Enterprises) વિભાગ દ્વારા રાજ્યના લાભાર્થીઓને ઝડપી અને પારદર્શક રીતે નાણાકીય સહાય પહોંચાડવાના હેતુસર વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરેંસ, સુરત અંતર્ગત આજે (ગુરુવારે) સવારે ૧૧:૦૦ વાગ્યે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે "Single Click Payment Program"નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ અંતર્ગત ઉદ્યોગ અને MSME વિભાગની વિવિધ યોજનાઓ હેઠળ કુલ ૧૧, ૦૨૯ લાભાર્થીઓને રૂ. ૧૩૪૯.૫૦ કરોડની રકમ ઈ-પેમેન્ટ (E-Payment) મારફતે એક જ સમયે તેમના બેંક ખાતામાં સીધી જમા કરવામાં આવી હતી. જેમા મુખ્યત્વે MSMEની વિવિધ યોજના હેઠળ ૭,૪૯૫ લાભાર્થીઓને ૨૯૯.૭૫ કરોડ, ટેક્ષટાઈલ યોજનામાં ૩,૪૨૩ લાભર્થીઓને ૫૩૮.૭૬ કરોડ તથા લાર્જ ઈન્ડસ્ટ્રીનાં ૧૧૧ લાભાર્થીઓને ૫૧૦.૯૯ કરોડની સહાયનો સમાવેશ થાય છે.

રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી વિવિધ ઔદ્યોગિક તથા MSME યોજનાઓનાં લાભાર્થીઓને સમયસર સહાય મળતી રહે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં આ પ્રકારના કાર્યક્રમો દ્વારા ચુકવણી પ્રક્રિયાને વધુ કાર્યક્ષમ, સરળ અને ટેક્નોલોજી આધારિત બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે તેમ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે.

ગુજરાત સરકાર રાજ્યમાં ઉદ્યોગ વિકાસ, રોકાણ પ્રોત્સાહન, ઉત્પાદન વૃદ્ધિ અને રોજગારી સર્જન માટે સતત પ્રયત્નશીલ છે અને MSME ક્ષેત્રને વધુ સક્ષમ બનાવવા માટે વિવિધ પ્રોત્સાહક યોજનાઓ અમલમાં મૂકી રહી છે. આ "સિંગલ ક્લિક પેમેન્ટ પ્રોગ્રામ" દ્વારા લાભાર્થીઓને સહાય રકમ ત્વરિત અને પારદર્શક રીતે પ્રાપ્ત થાય છે.

## TRAI દ્વારા વ્હીકલ-ટુ-એવરીથિંગ (V2X) કોમ્યુનિકેશન માટેના નિયમનકારી માળખા પર પરામર્શ પત્ર બહાર પાડવામાં આવ્યો

પી.આઈ.બી. અમદાવાદ

ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (TRAI) એ આજે વ્હીકલ-ટુ-એવરીથિંગ (V2X) કોમ્યુનિકેશન માટેના નિયમનકારી માળખા પર એક પરામર્શ પત્ર બહાર પાડ્યો છે.

ભારત સરકારના સંચાર મંત્રાલયના ટેલિકોમ્યુનિકેશન વિભાગ (DoT) એ તેના તારીખ ૦૧.૧૨.૨૦૨૫ના પત્ર દ્વારા, ટ્રાઈ (TRAI) ને વ્હીકલ-ટુ-એવરીથિંગ (V2X) માટેની નિયમનકારી પદ્ધતિ પર ટ્રાઈ એક્ટ ૧૯૯૭ (સુધારેલ)ની કલમ ૧૧(૧)(a)ની શરતો હેઠળ ભલામણો આપવા વિનંતી કરી હતી.

આ સંદર્ભમાં, વ્હીકલ-ટુ-એવરીથિંગ (V2X) કોમ્યુનિકેશન માટેના નિયમનકારી માળખા પરનો પરામર્શ પત્ર ટ્રાઈની વેબસાઈટ (www.trai.gov.in) પર મૂકવામાં આવ્યો છે.

પરામર્શ પત્રમાં ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ પર હિતધારકો પાસેથી લેખિત ટિપ્પણીઓ ૨૮.૦૫.૨૦૨૬ સુધી અને વળતી ટિપ્પણીઓ ૧૧.૦૬.૨૦૨૬ સુધી આમંત્રિત કરવામાં આવી છે.

ટિપ્પણીઓ/વળતી ટિપ્પણીઓ પ્રાધાન્ય મુજબ ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં શ્રી અખિલેશ કુમાર ત્રિવેદી, એડવાઈઝર (નેટવર્ક, સ્પેક્ટ્રમ અને લાયસન્સિંગ), TRAIને advmn@trai.gov.in પર મોકલી શકાય છે.

કોઈપણ સ્પષ્ટતા/માહિતી માટે શ્રી અખિલેશ કુમાર ત્રિવેદી, એડવાઈઝર (નેટવર્ક, સ્પેક્ટ્રમ અને લાયસન્સિંગ), TRAIનો ટેલિફોન નંબર +૯૧-૧૧-૨૦૯૦૭૭૫૮ પર સંપર્ક કરી શકાય છે.

## રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ૬૬માં ગુજરાત સ્થાપના દિવસ નિમિત્તો પાઠવી શુભેચ્છાઓ

### *પ્રાકૃતિક ખેતી અને સામાજિક સમરસતા સાથે 'વિકસિત ગુજરાત'નો સંકલ્પ કરવા રાજ્યપાલશ્રીનું આહવાન*

ગાંધીનગર એચ.ઓ

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ૬૬માં 'ગુજરાત સ્થાપના દિવસ'ના પવિત્ર અવસરે રાજ્ય ઉપરાંત દેશ-દુનિયામાં વસતા તમામ ગુજરાતી ભાઈ-બહેનોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છે. રાજયપાલશ્રીએ આ ગૌરવશાળી દિવસે ગુજરાતના નિર્માણમાં યોગદાન આપનાર મહાપુરુષોને નમન કરી રાજ્યની પ્રગતિ અને સુખ-શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

રાજ્યપાલશ્રીએ તેમના શુભેચ્છા સંદેશમાં જણાવ્યું હતું કે, ગુજરાત એ સંતો, શૂરવીરો અને કર્મયોગીઓની પવિત્ર ભૂમિ છે. મહાત્મા ગાંધીજીના સત્ય-અહિંસા, સરદાર વલ્લભભાઈ પટેલની અખંડિતતા અને મહર્ષિ દયાનંદ સરસ્વતીજીના જ્ઞાનના વારસાએ ગુજરાતને વૈશ્વિક સ્તરે અનોખી ઓળખ અપાવી છે. ૧ મે, ૧૯૬૦ના રોજ સ્થાપના બાદ ગુજરાતે પોતાના પરિશ્રમ અને



**મહાત્મા ગાંધીજી, સરદાર પટેલ અને મહર્ષિ દયાનંદ સરસ્વતી જેવા મહાપુરુષોના સંસ્કારોએ ગુજરાતને વિશ્વમાં ગૌરવ અપાવ્યું છેઃ રાજ્યપાલશ્રી**

પુરુષાર્થથી આજે વિકાસનું 'ગ્લોબલ રોલ મોડલ' સ્થાપિત કર્યું છે.

રાજ્યપાલશ્રીએ વિશેષ ભાર મૂકતા જણાવ્યું હતું કે, ભૌતિક વિકાસની સાથે આપણે ધરતી માતા અને માનવ સ્વાસ્થ્યની સુરક્ષા માટે કટિબદ્ધ થવું પડશે. તેમણે રાજ્યના ખેડૂતોને 'પ્રાકૃતિક ખેતી' અપનાવવા આહવાન કર્યું હતું. રાજ્યપાલશ્રીએ ઉમેર્યું કે, ગૌ-આધારિત પ્રાકૃતિક ખેતી એ માત્ર ખેતીની પદ્ધતિ નથી, પરંતુ પર્યાવરણના રક્ષણ અને આવનારી પેઢીને રોગમુક્ત રાખવાનો પવિત્ર માર્ગ છે. રાજયપાલશ્રીએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં 'વિકસિત ભારત @ ૨૦૪૭' ના સંકલ્પને સાકાર કરવા ગુજરાતના યોગદાનની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું કે, ગ્રીન એનર્જી, સેમિકન્ડક્ટર, વાઈબ્રન્ટ ઈકોનોમી અને સ્પોર્ટ્સ હબ જેવી સિદ્ધિઓ સાથે ગુજરાત દેશના ગ્રોથ એન્જિન તરીકે અગ્રેસર રહ્યું છે.

રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આહવાન કર્યું હતું કે, "આવો, આપણે સૌ સાથે મળીને એક એવું ગુજરાત બનાવીએ જે સમૃદ્ધ પણ હોય અને સંવેદનશીલ પણ હોય. આપણો દરેક નાગરિક સુખી, સંપન્ન અને સ્વસ્થ બને તે માટે આપણે 'સૌના સાથ, સૌના વિકાસ અને સૌના પ્રયાસ'ના મંત્રને ચરિતાર્થ કરીએ." જય જય ગરવી ગુજરાત! ભારત માતા કી જય!

## કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ લદ્દાખમાં વિવિધ ડેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સહકારી પહેલનું ઉદ્ઘાટન કરશે

### લદ્દાખના ડેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મોટું પ્રોત્સાહનઃ અમિત શાહ મિલ્ક પ્રોસેસિંગ યુનિટ્સ, મિલ્ક કૂલિંગ સિસ્ટમ્સ અને મોબાઈલ ટેસ્ટિંગ સુવિધાઓ લોન્ચ કરશે

- **સહકારી ક્ષેત્રમાં ડિજિટલ સશક્તિકરણને મજબૂત કરવા માટે એન્ડ્રોઈડ-આધારિત ઓટોમેટેડ મિલ્ક કલેક્શન સિસ્ટમ (AMCS) નું લોન્ચિંગ**
- **બજાર જોડાણો વધારવા માટે ડેરી ઉત્પાદનોના માર્કેટિંગ અને વિતરણ માટે એમઓયુ (MoUs) પર હસ્તાક્ષર કરવામાં આવશે**

પી.આઈ.બી. અમદાવાદ

કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખમાં સહકારી સંચાલિત ગ્રામીણ વિકાસને મજબૂત કરવા અને ડેરી ક્ષેત્રને પ્રોત્સાહન આપવા તરફના એક મહત્વપૂર્ણ પગલામાં, માનનીય કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ ૧ મે, ૨૦૨૬ના રોજ સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ બુદ્ધિસ્ટ સ્ટડીઝ (CIBS), લેહ ખાતે યોજાનાર એક કાર્યક્રમમાં મુખ્ય પહેલોની શ્રેણીનું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે કેન્દ્રીય મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રી શ્રી રાજીવ રંજન સિંહ ઉર્ફે લલન સિંહ અને લદ્દાખના લેફ્ટનન્ટ ગવર્નર શ્રી વિનય કુમાર સક્સેના પણ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમ મિલ્ક પ્રોસેસિંગ ક્ષમતા વધારવા, કોલ્ડ-ચેઈન સિસ્ટમમાં સુધારો કરવા અને સ્થાનિક ડેરી ખેડૂતો માટે બજાર જોડાણો વિસ્તારવાના હેતુથી અનેક ડેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સના ઉદ્ઘાટન અને શિલાન્યાસનો સાક્ષી બનશે. આ કાર્યક્રમમાં પ્રદેશમાં સહકારી ડેરી કામગીરીને આધુનિક બનાવવા માટે તૈયાર કરાયેલ ડિજિટલ અને સંસ્થાકીય પહેલોનું લોન્ચિંગ પણ કરવામાં આવશે. આ કાર્યક્રમ દરમિયાન, માનનીય મંત્રી કારગિલમાં ૧૦ TLPD ડેરી પ્લાન્ટનો શિલાન્યાસ કરશે અને લેહમાં દહી અને પનીર ઉત્પાદન સહિત નવા ડેરી પ્રોસેસિંગ યુનિટનું ઉદ્ઘાટન કરશે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



શ્રી નરેન્દ્ર મોદી
માનનીય વડાપ્રધાન

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત





Vibrant GUJARAT REGIONAL CONFERENCES
Regional Aspirations, Global Ambitions





# દક્ષિણ ગુજરાત

# 01st | 02nd MAY 2026

## ક્ષેત્રીય આકાંક્ષાઓ, વૈશ્વિક મહત્ત્વાકાંક્ષાઓ

### કેન્દ્રિત ક્ષેત્રો

- જેમ્સ એન્ડ જ્વેલરી
- ટેક્સટાઇલ્સ એન્ડ એપેરલ્સ
- કૃષિ એન્ડ ફૂડ પ્રોસેસિંગ
- કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ
- ટુરિઝમ

### કૉન્ફરન્સની વિશેષતાઓ

- ઉદ્‌ઘાટન સમારોહ
- સેક્ટર-સ્પેસિફિક સેમિનાર
- રાષ્ટ્રવ્યાપી સેમિનાર
- પ્રાદેશિક પુરસ્કારો (MSMEs/કારીગર-કસબી)
- પ્રાદેશિક MSME કૉન્ક્લેવ
- પેનલ ચર્ચાઓ
- રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સ
- રિવર્સ બાયર-સેલર મીટ
- ઉદ્યમી મેળો
- ટ્રેડ શો/પ્રદર્શન
- B2B/B2G મીટિંગ્સ
- વિશેષ પ્રવાસ/ઔદ્યોગિક ક્ષેત્રોની મુલાકાત
- વિક્રેતા વિકાસ કાર્યક્રમ
- સમાપન સત્ર

ભવ્ય ઉદ્‌ઘાટન
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત
**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના**
વરદ હસ્તે

ગરિમામયી ઉપસ્થિતિ
**શ્રી હર્ષ સંઘવી**
માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

ગુજરાત સ્થાપના દિવસ
1 મે, 2026



1 મે, 2026, શુક્રવાર | સવારે 09:30 વાગે | ઑરો યુનિવર્સિટી, સુરત, ગુજરાત

"વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સથી ગુજરાતના ઔદ્યોગિક ઉત્કર્ષની નવી દિશા ખુલશે."
- શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

## વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન

1થી 5 મે, 2026 | સવારે 10:00 થી સાંજે 5:30 વાગ્યા સુધી

વેબસાઇટ પર પહોંચવા માટે સ્કેન કરો

ભાગીદાર દેશ: Japan, Rwanda, Singapore, Ukraine

ભાગીદાર સંસ્થાઓ: JETRO Japan External Trade Organization, US-INDIA Strategic Partnership Forum, Trade Representation of the Russian Federation, AMCHAM INDIA, kotra Korea Trade-Investment Promotion Agency

લોકેશન પર પહોંચવા માટે સ્કેન કરો

લાઇવ પ્રસારણ: CMOGuj, CMOGuj, CMOGujarat, CMOGujarat, vibrantgujarat, vibrantgujarat, vibrant_gujarat, vibrantgujarat

ગુજરાત સરકાર

વિકસિત ભારત વિકસિત ગુજરાત

# ૬૬ મો ગુજરાત ગૌરવ દિવસ





## મારું ગુજરાત, મારું ગૌરવ

## ગુજરાતના ૬૬મા સ્થાપના દિનની સુરત ખાતે રાજ્યકક્ષાની ભવ્ય ઉજવણી

સમારોહના અધ્યક્ષ

**શ્રી આચાર્ય દેવવ્રત**

માનનીય રાજ્યપાલ, ગુજરાત

ગરિમામયી ઉપસ્થિતિ

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**

માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

તથા

**શ્રી હર્ષ સંઘવી**

માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

પ્રત્યેક ગુજરાતી બોલે છે,
અંતરમનનો અવાજ બોલે છે,
આ ગુજરાત મેં બનાવ્યું છે.

**- શ્રી નરેન્દ્ર મોદી**

માનનીય વડાપ્રધાન

**પોલીસ પરેડ**

**તારીખ:** ૧ મે ૨૦૨૬, શુક્રવાર, **સમય:** સાંજે ૬-30 વાગે
**સ્થળ:** વાય જંક્શન, સુરત

**સાંસ્કૃતિક કાર્યક્રમ**

**તારીખ:** ૧ મે ૨૦૨૬, શુક્રવાર, **સમય:** સાંજે ૭-30 વાગે
**સ્થળ:** ડુમસ સી-ફેસ, સુરત



ઉદ્યોગશક્તિ | વિકાસ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર | સાગરશક્તિ | ગ્રીન ગ્રોથ | કૃષિસમૃદ્ધિ | પર્યટન અને સાંસ્કૃતિક વારસો | સશક્ત અને સ્વસ્થ ગુજરાત

સુરતના આંગણે ઉજવાઈ રહેલો ૬૬મો **'ગુજરાત ગૌરવ દિવસ'** એ આપણી અવિરત વિકાસયાત્રાનો એવો ઝળહળતો ઉત્સવ છે,
જે **'વિકસિત ગુજરાત થકી વિકસિત ભારત'** નો મક્કમ માર્ગ કંડારી રહ્યો છે. **- શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

# પશ્ચિમ રેલવે ચલાવશે પશ્ચિમ બંગાળ માટે ચાર વન-વે સ્પેશિયલ ટ્રેનો

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખતાં ભુજ-કોલકાતા, રાજકોટ-કોલકાતા, સાબરમતી-હાવડા અને વટવા-હાવડા વચ્ચે વન વે સ્પેશિયલ ટ્રેનો વિશેષ ભાડા પર ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો નીચે પ્રમાણે છે :

૧. ટ્રેન નંબર ૦૯૪૦૧ ભુજ – કોલકાતા વન-વે સ્પેશિયલ

ટ્રેન નંબર ૦૯૪૦૧ ભુજ – કોલકાતા વન-વે સ્પેશિયલ તારીખ ૩૦ એપ્રિલ ૨૦૨૬ (ગુરૂવાર) ના રોજ ભુજથી ૧૫:૩૦ કલાકે પ્રસ્થાન કરશે અને ત્રીજા દિવસે ૧૫.૧૦ કલાકે કોલકાતા પહોંચશે.

આ ટ્રેન માર્ગમાં ગાંધીધામ, ભચાઊ, પાલનપુર, આબૂ રોડ, અજમેર, જયપુર, બાંદીકુઈ, ભરતપુર, ઈદગાહ આગરા, ટૂંડલા, ઈટાવા, ગોવિંદપુરી, સૂબેદારગંજ, મિર્જાપુર, પંડિત દીન દયાળ ઉપાધ્યાય, બક્સર, આરા, દાનાપુર, પટના, બખ્તિયારપુર, મોકામા, કિઉલ, અભયપુર જમાલપુર, સુલ્તાનગંજ, ભાગલપુર, કહલગાંવ, સાહિબગંજ, બડહરવા, રામપુર હાટ, બોલપુર, વર્ધમાન અને બૈંડેલ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં સ્લીપર અને સામાન્ય શ્રેણીના કોચ રહેશે.

૨. ટ્રેન નંબર ૦૯૫૦૧ રાજકોટ – કોલકાતા વન-વે સ્પેશિયલ

ટ્રેન નંબર ૦૯૫૦૧ રાજકોટ – કોલકાતા વન-વે સ્પેશિયલ તારીખ ૩૦ એપ્રિલ ૨૦૨૬ (ગુરૂવાર) ના રોજ રાજકોટથી ૧૭:૦૦ કલાકે પ્રસ્થાન કરશે તથા ત્રીજા દિવસે ૧૭:૧૦ કલાકે કોલકાતા પહોંચશે.

આ ટ્રેન માર્ગમાં વાંકાનેર, સુરેન્દ્રનગર, મહેસાણા, પાલનપુર, આબૂ રોડ, અજમેર, જયપુર, બાંદીકુઈ, ભરતપુર, ઈદગાહ આગરા, ટૂંડલા, ઈટાવા, ગોવિંદપુરી, સૂબેદારગંજ, મિર્જાપુર, પંડિત દીન દયાળ ઉપાધ્યાય, બક્સર, આરા, દાનાપુર, પટના, બખ્તિયારપુર, મોકામા, કિઉલ, અભયપુર જમાલપુર, સુલ્તાનગંજ, ભાગલપુર, કહલગાંવ, સાહિબગંજ, બડહરવા, રામપુર હાટ, બોલપુર, વર્ધમાન અને બૈંડેલ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં સ્લીપર અને સામાન્ય શ્રેણીના કોચ રહેશે.

૩. ટ્રેન નંબર ૦૯૪૦૩ સાબરમતી – હાવડા વન-વે સ્પેશિયલ

ટ્રેન નંબર ૦૯૪૦૩ સાબરમતી – હાવડા જંક્શન વન-વે સ્પેશિયલ તારીખ ૦૧ મે ૨૦૨૬ (શુક્રવાર) ના રોજ સાબરમતીથી ૧૮:૦૦ કલાકે પ્રસ્થાન કરશે તથા ત્રીજા દિવસે ૧૫:૩૦ કલાકે હાવડા જંક્શન પહોંચશે.

આ ટ્રેન માર્ગમાં મહેસાણા, પાલનપુર, આબૂ રોડ, અજમેર, જયપુર, બાંદીકુઈ, ભરતપુર, ઈદગાહ આગરા, ટૂંડલા, ઈટાવા, ગોવિંદપુરી, સૂબેદારગંજ, મિર્જાપુર, પંડિત દીન દયાળ ઉપાધ્યાય, બક્સર, આરા, દાનાપુર, પટના, બખ્તિયારપુર, મોકામા, કિઉલ, અભયપુર જમાલપુર, સુલ્તાનગંજ, ભાગલપુર, કહલગાંવ, સાહિબગંજ, બડહરવા, રામપુર હાટ, બોલપુર, વર્ધમાન અને બૈંડેલ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં સ્લીપર અને સામાન્ય શ્રેણીના કોચ રહેશે.

૪. ટ્રેન નંબર ૦૯૪૮૧ વટવા – હાવડા વન-વે સ્પેશિયલ

ટ્રેન નંબર ૦૯૪૮૧ વટવા-હાવડા વન-વે સ્પેશિયલ તારીખ ૦૧ મે ૨૦૨૬ (શુક્રવાર) ના રોજ વટવાથી ૧૬:૪૫ કલાકે પ્રસ્થાન કરશે તથા ત્રીજા દિવસે ૧૦:૦૦ કલાકે હાવડા પહોંચશે.

આ ટ્રેન છાયાપુરી, ગોધરા, રતલામ, ઉજ્જૈન, સંત હિરદારામ નગર, બિના, વીરાંગના લક્ષ્મીબાઈ ઝાંસી, કાનપુર સેન્ટ્રલ, પ્રયાગરાજ, જ્ઞાનપુર રોડ, બનારસ, વારાણસી, દીનદયાળ ઉપાધ્યાય, સાસારામ, ગયા, કોડરમા, ધનબાદ, આસનસોલ તથા દુર્ગાપુર સ્ટેશનો પર રોકાશે.

આ ટ્રેનમાં સ્લીપર તથા સામાન્ય શ્રેણીના કોચ રહેશે.

ટ્રેન નંબર ૦૯૪૦૧,૦૯૫૦૧,૦૯૪૦૩ અને ૦૯૪૮૧ નું બુકિંગ તારીખ ૩૦.૦૪.૨૦૨૬ થી તામા પીઆરએસ કાઉન્ટરો તથા આઈઆરસીટીસી વેબસાઈટ પર આરંભ થશે. ટ્રેનોના સમય, રોકાણ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રી www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# જમ્મૂ મંડળમાં એન્જિનિયરીંગ કામને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત

ઉત્તર રેલવેના જમ્મૂ મંડળમાં એન્જિનિયરીંગ કામના કારણે અમદાવાદ મંડળથી ચાલનારી/પસાર થનારી કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે. વિગતો નીચે પ્રમાણે છે :

શૉર્ટ ઓરિજિનેટ/શૉર્ટ ટર્મિનેટ ટ્રેનો

ટ્રેન નંબર ૧૯૪૧૫ સાબરમતી-શ્રી માતા વૈષ્ણો દેવી કટરા એક્સપ્રેસ ૩૧ મે ૨૦૨૬ સુધી અમૃતસર સ્ટેશન પર શૉર્ટ ટર્મિનેટ (સમાપ્ત) થશે. ટ્રેન નંબર ૧૯૪૧૬ શ્રી માતા વૈષ્ણો દેવી કટરા–સાબરમતી એક્સપ્રેસ ૦૨ જૂન ૨૦૨૬ સુધી અમૃતસર સ્ટેશનથી શૉર્ટ ઓરિજિનેટ (પ્રારંભ) થશે. ટ્રેન નંબર ૧૯૨૨૩ સાબરમતી-જમ્મૂ તવી એક્સપ્રેસ ૧૪ જૂન ૨૦૨૬ સુધી ફિરોજપુર કેન્ટ સ્ટેશન પર શૉર્ટ ટર્મિનેટ (સમાપ્ત) થશે. ટ્રેન નંબર ૧૯૨૨૪ જમ્મૂ તવી-સાબરમતી એક્સપ્રેસ ૧૫ જૂન ૨૦૨૬ સુધી ફિરોજપુર કેન્ટ સ્ટેશનથી શૉર્ટ ઓરિજિનેટ (પ્રારંભ) થશે.

પૂર્ણપણે રદ ટ્રેનો

ટ્રેન નંબર ૧૯૧૦૭ ભાવનગર ટર્મિનસ-એમસીટીએમ ઉધમપુર જન્મભૂમિ એક્સપ્રેસ ૩૧ મે ૨૦૨૬ સુધી પૂર્ણપણે રદ રહેશે. ટ્રેન નંબર ૧૯૧૦૮ એમસીટીએમ ઉધમપુર-ભાવનગર ટર્મિનસ જન્મભૂમિ એક્સપ્રેસ ૦૧ જૂન ૨૦૨૬ સુધી પૂર્ણપણે રદ રહેશે. ટ્રેનોના રોકાણ, સંરચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે યાત્રી www. enquiry. indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# ગુજરાતમાંથી ૭૩ લાખથી વધુ મુસાફરોએ વંદે ભારત ટ્રેનોમાં કરી મુસાફરી

## મહિલાઓની રહી પહેલી પસંદ, રૂ.૭૨૨ કરોડથી વધુ આવક પ્રાપ્ત કરી

ભારતીય રેલવેની પ્રીમિયમ સેમી-હાઈસ્પીડ સેવા વંદે ભારત એક્સપ્રેસે દેશમાં આધુનિક રેલવે યાત્રાની નવી ઓળખ સ્થાપિત કરી છે. ફેબ્રુઆરી ૨૦૧૯ માં એક સેવાથી શરૂ થઈને આજે આ નેટવર્ક દેશભરમાં ૧૬૨ થી વધુ ટ્રેનો સુધી વિસ્તરી ચુક્યું છે, જે મુખ્ય શહેરોને ઝડપી, સુરક્ષિત અને આરામદાયક યાત્રાથી જોડી રહ્યું છે. ગુજરાતથી સંચાલિત વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોએ યાત્રીઓ વચ્ચે વિશેષ લોકપ્રિયતા પ્રાપ્ત કરી છે. ૧ ઓક્ટોબર ૨૦૨૨ થી ૩૧ માર્ચ ૨૦૨૬ સુધીના સમયગાળામાં રાજ્યથી સંચાલિત ૬ જોડી વંદે ભારત ટ્રેનોમાં લગભગ ૭૩ લાખ યાત્રીઓએ યાત્રા કરી, જ્યારે એનાથી કુલ રૂ. ૭૨૨ કરોડની આવક પ્રાપ્ત થઈ છે.



ગુજરાતથી સંચાલિત ૬ વંદે ભારત ટ્રેનોની વિગતો (આરંભની તારીખ સહિત) = મુંબઈ સેન્ટ્રલ – ગાંધીનગર વંદે ભારત એક્સપ્રેસ : સેવા આરંભ ૦૧ ઓક્ટોબર ૨૦૨૨

સાબરમતી – જોધપુર વંદે ભારત એક્સપ્રેસ : સેવા આરંભ ૦૯ જુલાઈ ૨૦૨૩ - અમદાવાદ – ઓખા વંદે ભારત એક્સપ્રેસ : સેવા આરંભ ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૩ - મુંબઈ સેન્ટ્રલ – અમદાવાદ વંદે ભારત એક્સપ્રેસ : સેવા આરંભ ૧૩ માર્ચ ૨૦૨૪ - સાબરમતી – વેરાવળ વંદે ભારત એક્સપ્રેસ : સેવા આરંભ ૨૭ મે ૨૦૨૫ - અસારવા – ઉદયપુર વંદે ભારત એક્સપ્રેસ : સેવા આરંભ ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૬ - અમદાવાદ-મુંબઈ માર્ગ પર બંને વંદે ભારત યાત્રીઓની પહેલી પસંદ બની ગઈ છે. ધંધાદારીઓ, વ્યવસાયિકો તથા નિયમિત યાત્રી આ સેવાનો વ્યાપકરૂપે ઉપયોગ કરી રહ્યા છે. આ સેવાઓમાં ફક્ત યાત્રીઓની સંખ્યામાં સતત વૃદ્ધિ જ નોંધવામાં નથી આવી, પરંતુ કેટલાક માર્ગો પર માંગ ક્ષમતાથી કેટલીય વધારે, ૧૪૦% સુધીની ઓક્યુપેન્સી નોંધવામાં આવી છે, આ લોકપ્રિયતાને દર્શાવે છે. કેટલાક માર્ગો પર ઓક્યુપેન્સી ૧૦૦% થી વધુ રહી છે, જ્યારે કેટલીક ટ્રેનોની ઓક્યુપેન્સી ૯૦% થી વધુ રહી છે.

આધુનિક સુવિધાઓથી સુસજ્જિત ટ્રેનો

'મેક ઈન ઈન્ડિયા' પહેલ હેઠળ નિર્મિત વંદે ભારત ટ્રેનો અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ છે, જેમાં સામેલ છે : ઓટોમેટિક દરવાજાઓ અને જીપીએસ આધારિત યાત્રી સૂચના સિસ્ટમ

આરામદાયક રિક્લાઈનીંગ સીટો અને પૂરતો લેગરૂમ - મોબાઈલ ચાર્જિંગ પોઈન્ટ અને ઓનબોર્ડ ઈન્ફોટેનમેન્ટ - સંપૂર્ણ સીસીટીવી કવરેજ અને બાયો-વેક્યુમ ટોઈલેટ

● દિવ્યાંગો માટે અલગથી શૌચાલય ● ટ્રેનમાં અગ્નિશામક યંત્ર અને ફાયર એલાર્મની વ્યવસ્થા

ઉત્કૃષ્ટ ખાણી-પીણી અને સેવાઓ

યાત્રીઓને ઉચ્ચ ગુણવત્તાની ઓનબોર્ડ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે, જેમાં :

સ્વચ્છ અને તાજું ભોજન - ક્ષેત્રીય સ્વાદ પર આધારિત વિવિધ મેનૂ

પ્રી-પેક્ડ હાઈજિનિક સેવા

પ્રશિક્ષિત સ્ટાફ દ્વારા સમયબદ્ધ સેવા

ઉચ્ચ સમયપાલન, ઉત્તમ સુરક્ષા માનક અને ઉત્કૃષ્ટ સ્વચ્છતાને કારણે યાત્રીઓને વિશ્વાસ સતત મજબૂત થયો છે. ઝડપી ગતિ અને ઓછા યાત્રા સમયને કારણે આ ટ્રેનો વ્યવસાયિક અને નિયમિત યાત્રીઓ માટે અત્યંત ઉપયોગી સિદ્ધ થઈ રહી છે.

# બ્લુસ્ટોને નાણાકીય વર્ષ ૨૬ના ચોથા ક્વાર્ટરમાં ૪૯% વાર્ષિક આવક વૃદ્ધિ હાંસલ કરી

અમદાવાદ, બ્લુસ્ટોન જ્વેલરી એન્ડ લાઈફસ્ટાઈલ લિમિટેડ ('બ્લુસ્ટોન'), એક પ્રખ્યાત ડિજિટલ-ફર્સ્ટ બ્રાન્ડ જે ગ્રાહકોને સીધા જ સુંદર ઝવેરાત પહોંચાડે છે, તેણે નાણાકીય વર્ષ ૨૬ ના ચોથા ક્વાર્ટર માટે તેના નાણાકીય પરિણામો જાહેર કર્યા. કંપનીએ ક્વાર્ટર દરમિયાન આવકમાં ૪૯% નો વધારો નોંધાવ્યો હતો, જે SSSG માં ૩૪% વાર્ષિક વૃદ્ધિને કારણે થયો હતો. વ્યવસાયને કાર્યકારી કાર્યક્ષમતાનો લાભ મળતો રહ્યો, અને EBITDA માર્જિનમાં પાછલા વર્ષની સરખામણીમાં સુધારો થયો. નાણાકીય વર્ષ ૨૬ કંપની માટે એક સીમાચિહ્નરૂપ વર્ષ હતું, જેમાં પ્રથમ વખત સ્વસ્થ પૂર્ણ-વર્ષનો PAT નોંધાયો હતો. આ કંપનીના બિઝનેસ મોડેલ અને કામગીરી પ્રત્યે મજબૂત અભિગમને પ્રતિબિંબિત કરે છે. વર્તમાન પરિણામો પર ટિપ્પણી કરતા, બ્લુસ્ટોનના સીઈઓ શ્રી ગૌરવ સિંહ કુશવાહાએ જણાવ્યું હતું કે, "આ વર્ષ અમારા માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે, કારણ કે અમે પ્રથમ વખત સંપૂર્ણ વર્ષનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે, જે કંપનીના નફાકારકતાના માર્ગ પર એક મજબૂત શરૂઆત દર્શાવે છે. આ મજબૂત પ્રદર્શન અમારા મજબૂત વૃદ્ધિ વેગનું પરિણામ છે, જે આ ક્વાર્ટરમાં અમારા આવક (છૂટક વેચાણ) માં વાર્ષિક ધોરણે ૪૯% અને નાણાકીય વર્ષ ૨૬ માટે વાર્ષિક ધોરણે ૩૮% વૃદ્ધિમાં પ્રતિબિંબિત થાય છે. વિવિધ ચેનલોના ઉપયોગમાં વધારો અને સારી રીતે ડિઝાઈન કરેલા ઉત્પાદનો માટે ગ્રાહક પ્રશંસામાં વધારો થવાને કારણે બજાર માંગ વાતાવરણ મજબૂત રહે છે. અમારા બહુવિધ ચેનલોના મજબૂત નેટવર્ક અને વર્ટિકલ ઈન્ટિગ્રેશન દ્વારા, અમે આ સેગમેન્ટમાં એક અનોખી ઓળખ બનાવી છે, જે અમારી ડિઝાઈનને અનન્ય અને વિશિષ્ટ બનાવે છે. અમે નાણાકીય વર્ષ ૨૭ માં શ્રેષ્ઠ એક્ઝિટ પ્રોગ્રામ એક્ઝિટ ગ્રોથ રેટ સાથે પ્રવેશ કરી રહ્યા છીએ (જેમ કે નાણાકીય વર્ષ ૨૬ ના ઊ૪ માં જોવા મળ્યું છે) અને ગ્રાહકના વોલેટમાં હિસ્સો વધારવા તેમજ નવા ગ્રાહકોને અમારા ક્ષેત્રમાં લાવવા માટે અમલીકરણ પર ઊંડાણપૂર્વક ધ્યાન કેન્દ્રિત કરવાનું ચાલુ રાખીએ છીએ. (૨૨-૧)

**નામ બદલેલ છે**

મે મારુ જુનુ નામ
**ખટીક વિશાલ કિશનજી**
હતુ તે બદલીને નવુ નામ
**ખટીક વિશાલ કિશનભાઈ**
સરનામું - ૫, સોમનાથ રો હાઉસ,
વાસણા પોલીસ ચોકી પાછળ,
વાસણા, અમદાવાદ-૭

# બંગાળમાં મતદાન વચ્ચે હાઈ વૉલ્ટેજ ડ્રામાઃ EVMમાં ભાજપના બટન પર ટેપ ચોંટાડાઈ હોવાનો આરોપ

નવી દિલ્હી, પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી ૨૦૨૬માં બીજા તબક્કાનું મતદાન આજે ભારે તણાવ અને હિંસાની છૂટીછવાઈ ઘટનાઓ વચ્ચે ચાલુ છે. ખાસ કરીને ભવાનીપુર બેઠક પર મુખ્યમંત્રી મમતા બેનર્જી અને ભાજપના શુભેન્દુ અધિકારી સામસામે આવી જતાં રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. મતદાનના દિવસે EVM સાથે છેડછાડ અને બટનો પર ટેપ ચોંટાડવા જેવા ગંભીર આરોપો સામે આવ્યા છે. અભિષેક બેનર્જીના સંસદીય મતવિસ્તારમાં BJP ઉમેદવાર દેવાંશુ પાંડાએ આરોપ લગાવ્યો હતો કે ઘણા બૂથ પર EVM મશીનો પર તેમના નામ અને પાર્ટીના ચૂંટણી પ્રતીકને અનુરૂપ બટન ટેપ કરવામાં આવ્યું હતું, જેના કારણે મતદારો ભાજપની તરફેણમાં મતદાન કરી શકતા નથી. BJPના IT સેલના વડા અમિત માલવિયાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર કેટલાક વીડિયો શેર કર્યા છે.

# ગોતા વોર્ડમાં ભાજપની ઐતિહાસિક જીત



અમદાવાદ, ગોતા વોર્ડ ચૂંટણીમાં ભાજપનો વિજય ધ્વજ લહેરાયો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ગોતા વોર્ડની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ ભવ્ય અને ઐતિહાસિક વિજય મેળવ્યો. આ વિજય દ્વારા જનતા એ વિકાસ, પારદર્શિતા અને મજબૂત નેતૃત્વ પ્રત્યેનો પોતાનો અડગ વિશ્વાસ ફરી એકવાર વ્યક્ત કર્યો છે. આ ઐતિહાસિક પ્રસંગે ગોતા વોર્ડ પ્રમુખ શ્રી ભાર્ગવ વ્યાસએ તમામ મતદાતાઓ, કાર્યકર્તાઓ અને સમર્થકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. શ્રી ભાર્ગવ વ્યાસની આગેવાનીમાં ગોતા વોર્ડ સંગઠનની ટીમે દિવસ-રાતની મહેનત અને એકતાથી ભાજપની પેનલને જંગી બહુમતીથી વિજય અપાવ્યો. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આવનારા સમયમાં વિકાસના કાર્યોને વધુ ગતિ આપવામાં આવશે. –

# રાજીવ ખંડેલવાલ કહે છે કે 'તુંમ હો ના' તેમના દર્શકોને પ્રેમનો પરત આપવાનો એક ખાસ પ્રયાસ છે



અમદાવાદ,લોકપ્રિય અભિનેતા અને હોસ્ટ રાજીવ ખંડેલવાલ ફરી એકવાર પોતાના અનોખા અંદાજ સાથે ટેલિવિઝન પર જોવા મળશે. તેઓ લઈને આવી રહ્યા છે 'તુંમ હો ના – ઘર ની સુપરસ્ટાર', જેનો પ્રીમિયર ૨૮ એપ્રિલે રાત્રે ૯:૦૦ વાગ્યે થશે. આ શો માત્ર મનોરંજન પૂરતો સીમિત નથી, પરંતુ લાગણીઓ, આનંદ અને ઉજવણીનો સુંદર મિલાપ છે. પોતાની સંવેદનશીલ અભિનય અને હૃદયસ્પર્શી હોસ્ટિંગ માટે જાણીતા રાજીવ માટે આ પ્રોજેક્ટ ખૂબ જ ખાસ છે.

૧. 'તુંમ હો ના' માટે ટેલિવિઝન પર પાછા આવવાનો નિર્ણય કેમ? આ શો અગાઉના કામથી કેટલો જુદો છે?

હું તેને વાપસી માનતો નથી. હું વર્ષોથી વિવિધ માધ્યમોમાં કાર્યરત રહ્યો છું, તેથી જ્યારે પણ હું કોઈ પ્લેટફોર્મ પર કામ કરું છું, ત્યારે મને એ જ ક્ષેત્રમાં ફરી જોડાયો હોવાનો અનુભવ થાય છે. લોકો તેને 'કમબેક' કહે છે, પણ મારા માટે તે સતત યાત્રાનો જ એક ભાગ છે. 'તુંમ હો ના' એવું પ્રોજેક્ટ છે, જે મારી વિચારસરણી સાથે ગાઢ રીતે જોડાયેલું છે. આ શો મારા માટે તે તમામ લોકો પ્રત્યે આભાર વ્યક્ત કરવાનો એક પ્રયાસ છે, જેમણે મને વર્ષોથી નિષ્કપટ પ્રેમ આપ્યો છે. –

Printed and Published by MAYUR C. BHATT on behalf of KALYANI PUBLIATION PVT. LTD. and Printed at : Dharti Printers C-3, Shankar Chember, Nr. Fadia Chamber, Asharam Road, Ahmedabad-Published From KALYANI PUBLIATION PVT. LTD. 201,202,208 Nandan complex, opp mithakhali rly crossing, mithakhali, ahmedabad.
Editior : Mayur C. Bhatt

**ટ્રુહોમ ફાઈનાન્સ લિમીટેડ**
**(અગાઉ શ્રીરામ હાઉસીંગ ફાયનાન્સ લિ.)**

Truhome FINANCE

**રજીસ્ટર્ડ ઓફિસ :** શ્રીનિવાસ ટાવર, પહેલો માળ, દુન નં. ૫, જુનો નં. ૧૧, બીજી લેન, સેનાટોફ રોડ, અલવરપેટ, ટેનામ્પેટ, ચેન્નાઈ-૬૦૦૦૧૮.
**હેડ ઓફિસ :** લેવલ - ૩, વોકહાર્ટ ટાવર્સ, પૂર્વ વિંગ, સી-૨, બ્લોક - જી, બાન્દ્રા-કુરલા કોમ્પ્લેક્ષ, મુંબઈ-૪૦૦૦૫૧.
**વેબસાઈટ :** http://www.truhomefinance.in

**સાંકેતિક પઝેશન નોટીસ**

આથી, **ટ્રુહોમ ફાઈનાન્સ લિમીટેડ (અગાઉ શ્રીરામ હાઉસીંગ ફાઈનાન્સ લિમીટેડ)** ના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (એક્ટ) તથા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તા સાથે સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા નિયમ ૩ અંતર્ગત ઉધારકર્તાઓને ડીમાન્ડ નોટીસ જારી કરીને નીચે દર્શાવેલ ટેબલમાં દર્શાવેલ રકમ ચુકવવા જણાવેલ.

ઉધારકર્તાઓ ઉપરોક્ત રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તાઓ અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળ રૂલ ૮ સાથે મળેલી સત્તાની રૂએ **ટ્રુહોમ ફાઈનાન્સ લિમીટેડ (અગાઉ શ્રીરામ હાઉસીંગ ફાઈનાન્સ લિમીટેડ)** અધિકૃત અધિકારીએ **તા. ૨૯/૦૪/૨૦૨૬** ના રોજ નીચે જણાવેલ મિલકતનો **સાંકેતિક કબજો** લઈ લીધેલ છે.

ઉધારકર્તાને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકત અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ સ્થાયી મિલકત અંગે કરેલો કોઈપણ વ્યવહાર **ટ્રુહોમ ફાઈનાન્સ લિમીટેડ (અગાઉ શ્રીરામ હાઉસીંગ ફાઈનાન્સ લિમીટેડ)** ની નીચે મુજબની બાકી રકમ વ્યાજ સાથેના બોજાને આધીન રહેશે.

"સરફેસી કાયદાની કલમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ પ્રત્યે ઉધારકર્તાઓ નું મુકરર મિલકત છોડાવવા માટે મળવા પાત્ર સમય બાબતે ધ્યાન દોરવામાં આવે છે."

**ઉધારકર્તાનું નામ અને સરનામું**

**(૧). કુશાંત હરીશભાઈ ગાંધી, હાલનું સરનામું :-** એ/૬, પુષ્પમ સોસાયટી, ખારાવાલા કમ્પાઉન્ડ રોડ, ઈસનપુર, વટવા, અમદાવાદ - ૩૮૨૪૪૦.
**અને અહીં પણ : (૧.૨). કુશાંત હરીશભાઈ ગાંધી,**
**મિલકતનું સરનામું :-** પ્લોટ નં. ૬૭, રાધે ઉપવન કો. ઓપરેટીવ સોસાયટી લિમીટેડ, રાધે ઉપવન રીપોર્ટની પાછળ, આનંદ નિકેતનની બાજુમાં, હાથીજણ ગામની પાસે, લાલગેબી સર્કલની પાસે, શ્રધ્ધા પાયોનીયર ફલેટની સામે, મહેમદાબાદ રોડની પાસે, હાથીજણ, અમદાવાદ ૩૮૨૪૩૫.
**અને અહીં પણ : (૧.૩). કુશાંત હરીશભાઈ ગાંધી,**
**વ્યવસાય સરનામું :-** @પ્રોકટેક એન્જિનિયરીંગ, ગોડાઉન નં. ૧૯, ૨૦ અને ૨૧, કીરી ડાયની પાસે, અંબિકા હોટલની પાસે, વટવા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દસ્કોઈ, અમદાવાદ - ૩૮૨૪૪૫.
**(૨). ગાંધી હરીશભાઈ જયંતિલાલ, હાલનું સરનામું :-** એ/૬, પુષ્પમ સોસાયટી, ખારાવાલા કમ્પાઉન્ડ રોડ, ઈસનપુર, વટવા, અમદાવાદ - ૩૮૨૪૪૦.
**અને અહીં પણ : (૨.૨). ગાંધી હરીશભાઈ જયંતિલાલ,**
**મિલકતનું સરનામું :-** પ્લોટ નં. ૬૭, રાધે ઉપવન કો. ઓપરેટીવ સોસાયટી લિમીટેડ, રાધે ઉપવન રીપોર્ટની પાછળ, આનંદ નિકેતનની બાજુમાં, હાથીજણ ગામની પાસે, લાલગેબી સર્કલની પાસે, શ્રધ્ધા પાયોનીયર ફલેટની સામે, મહેમદાબાદ રોડની પાસે, હાથીજણ, અમદાવાદ ૩૮૨૪૩૫.
**(૩). પ્રોકટેક એન્જિનિયરીંગ, તેમના પ્રોપાઈટર**
**કુશાંત હરીશભાઈ ગાંધી, સરનામું :-** ગોડાઉન નં. ૧૯, ૨૦ અને ૨૧, કીરી ડાયની પાસે, અંબિકા હોટલની પાસે, વટવા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દસ્કોઈ, અમદાવાદ - ૩૮૨૪૪૫.
**અને અહીં પણ : (૩.૨). પ્રોકટેક એન્જિનિયરીંગ, તેમના પ્રોપાઈટર**
**કુશાંત હરીશભાઈ ગાંધી, મિલકતનું સરનામું :-** પ્લોટ નં. ૬૭, રાધે ઉપવન કો. ઓપરેટીવ સોસાયટી લિમીટેડ, રાધે ઉપવન રીપોર્ટની પાછળ, આનંદ નિકેતનની બાજુમાં, હાથીજણ ગામની પાસે, લાલગેબી સર્કલની પાસે, શ્રધ્ધા પાયોનીયર ફલેટની સામે, મહેમદાબાદ રોડની પાસે, હાથીજણ, અમદાવાદ ૩૮૨૪૩૫.

**ડીમાન્ડ નોટીસ હેઠળ બાકી લ્હેંણી રકમ**

રૂા. ૪૦,૭૩,૩૬૦/- (રૂા. ચાલીસ લાખ તોતેર હજાર ત્રણસો સાહીઠ પુરા)
તા. ૧૫.૧૧.૨૦૨૫ ના સુધી, લોન એકાઉન્ટ નં. SLPHMNGR0000186,
ચડત વ્યાજ, અન્ય કોસ્ટ, ચાર્જીસ અને ખર્ચાઓ સાથે
૧૩(૨) હેઠળ ડીમાન્ડ નોટીસ - તા. ૧૫/૧૧/૨૦૨૫
સાંકેતિક કબજાની તારીખ : ૨૯/૦૪/૨૦૨૬

**ગિરવે મુકેલ મિલકતનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સા સાથેની ફ્રી હોલ્ડ સ્થાવર મિલકતનો પ્લોટ નં. ૬૭, પ્લોટ એરીયાનું ક્ષેત્રફળ ૨૩૦ સ્કે.મી. બાંધકામ સાથે, જે સ્થિત રાધે ઉપવન કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિમીટે, વિભાગ - ૩, જમીનનો સંયુકત બ્લોક/સર્વે નં. ૨૪૦ અને ૪૦૨/૧, બ્લોકનં. ૨૩૮ અને ૪૦૨/૨, બ્લોક નં. ૨૩૮ અને ૪૦૨/૨, બ્લોક નં. ૨૩૯ (રેવન્યુ સર્વે નં. ૩૯૭, ૩૯૮, ૩૯૯, ૪૦૦, ૪૦૧, ૪૦૨/૩, ૪૦૩, ૪૦૪/૧, ૪૦૪/૨, ૪૦૫, ૪૦૬) પૈકી, બ્લોક નં. ૨૩૮, સેકટર - ૩, ડ્રાફ્ટ ટાઉન પ્લાનિંગ સ્કીમ નં. ૭૮ (હાથીજણ - ૪), મોજે - હાથીજણ, તાલુકો - વટવા, જીલો - અમદાવાદ અને રજીસ્ટ્રેશન સબ જીલ્લો - અમદાવાદ - ૧૧ (અસલાલી), રાજ્ય - ગુજરાત. **ચતુઃસીમા :- પૂર્વે :** પ્લોટ નં. ૬૬, **પશ્ચિમે :** પ્લોટ નં. ૬૮, **ઉત્તરે :** પ્લોટ નં. ૫૮, **દક્ષિણે :** આંતરીક રોડ.

**સ્થળ : અમદાવાદ** — **સહી/-, અધિકૃત અધિકારી, ટ્રુહોમ ફાઈનાન્સ લિમીટેડ**
**તારીખ : ૨૯/૦૪/૨૦૨૬** — **(અગાઉ શ્રીરામ હાઉસીંગ ફાઈનાન્સ લિમીટેડ)**

**સાંકેતિક કબ્જા નોટીસ**

ICICI Bank

શાખાનું સરનામું : આઈસીઆઈસીઆઈ બેંક લિ., ઓફિસ નં.૨૦૧-બી, બીજો માળ, રોડ નં.૧, પ્લોટ નં.બીઉ, વાઈફાઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, થાણે (વેસ્ટ)-૪૦૦૬૦૪

આથી સિક્યુરીટાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ )રૂલ્સ,૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહી નીચે સહી કરનાર આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડના સત્તાવાર અધિકારીએ નીચે જણાવેલ લોકોને માંગણા નોટીસ આપી છે. આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહીં દર્શાવેલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે.

કરજદારો નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકૃત અધિકારીએ અહી જણાવેલી મિલ્કતનો સાંકેતિક કબ્જો લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ પાસે આ મિલ્કત ટાંચમાં હોય કરજદારોએ અને સામાન્ય જનતાએ ટાંચમાં લીધેલ મિલ્કતો સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

| ક્રમ નં. | દેવાદારોનું નામ / લોનનો ખાતા નંબર | મિલકતોની વિગતો / સાંકેતિક કબ્જાની તારીખ | ડિમાન્ડ નોટીસની તારીખ / ડિમાન્ડ નોટીસમાંની રકમ(રૂા) | શાખાનું નામ |
|---|---|---|---|---|
| 1. | મુકેશ એમ. ચિત્રે (મૃત) તેમના કાયદેસરના વારસદારો થકી અને ધવલ મુકેશભાઈ ચિત્રે - LBBRD00004185334 | ફ્લેટ નં.બી-૪૦૫, ચોથો માળ, ટી-૩ ટાઈપ, રેવાશ્રય, ભારત પેટ્રોલ પંપની બાજુમાં, તિર્થક બંગ્લોઝ પાસે, ૧૮મીટર રોડ, બ્લોક /સર્વે નં.૩૫૩/બી, ૩૫૩, ૩૫૨ પૈકી, જુના આર.એસ.નં. ૫૧૮, ૫૧૯, ૫૨૦, વાઘોડિયા-ડભોઈ રિંગ રોડ, કપુરાઈ, વડોદરા - ૩૯૦૦૧૫ / એપ્રિલ ૨૮, ૨૦૨૬ | December 12, 2025 Rs. 12,15,209.2/- | વડોદરા |
| 2. | અમીત એસ. યાદવ (મૃત) તેમના કાયદેસરના વારસદારો થકી અને સત્યપ્રકાશ સિંગ યાદવ - LBBRD00001863014 | ફ્લેટ નં.બી/૧૦૨, પહેલો માળ, તનિષ્ક રેસિડેન્સી, આશુતોષ સોસાયટી, અયપ્પા મંદિર પાસે, પ્લોટ નં.૧૨, આર.એસ.નં. ૯૬,૯૭, ટી.પી.એસ.નં.૧૭, એફ.પી.નં. ૭૧, સૈયદ વાસણા રોડ, ગોત્રી, વડોદરા -૩૯૦૦૨૧. / એપ્રિલ ૨૮, ૨૦૨૬ | November 27, 2025 Rs. 19,26,943.15/- | વડોદરા |
| 3. | અસ્મીતા એસ.ગાંધી (મૃત) તેમના કાયદેસરના વારસદારો થકી અને સુરેશભાઈ કે. ગાંધી - LBBRD00004460895 | ફ્લેટ નં.૩૦૧, ત્રીજો માળ, આલય ફલેટસ, કલ્પવૃક્ષ કોમ્પ્લેક્ષ પાછળ, ગોત્રી રોડ, આર.એસ.નં.૭૦૯ પૈકી, સબપ્લોટ નં.૬, ગોત્રી, વડોદરા -૩૯૦૦૨૧ / એપ્રિલ ૨૮, ૨૦૨૬ | November 28, 2025 Rs. 19,79,289.67/- | વડોદરા |

ઉપર જણાવેલા કરજદાર(રો)/ જામીનદાર(રો)અહીં બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવેલ છે, જો નાણાં પરત કરવામાં નહીં આવે તો સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ની કલમ ૮ અને ૯ નીજોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલ્કતો આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.

તારીખ : મેં ૦૧, ૨૦૨૬ — નિષ્ઠાવાન અધિકૃત સહીકર્તા
સ્થળ : વડોદરા — આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ માટે

**MAS FINANCIAL SERVICES LIMITED**

Regd. Office: 6,Ground Floor, Narayan Chambers, B/h Patang Hotel, Ashram Road, Ahmedabad-380 009.
Phone No.: +91 79 41106500, Fax No.: +91 79 41106597, E-mail : riddhi_bhayani@mas.co.in, Website: www.mas.co.in
CIN: L65910GJ1995PLC026064

Extract of standalone and consolidated audited financial results for the quarter ended 31 March 2026

(₹ in Crores)

| Sr. No. | Particulars | Standalone | | | Consolidated | | |
|---|---|---|---|---|---|---|---|
| | | Quarter ended 31 March 2026 (Audited) | Quarter ended 31 March 2025 (Audited) | Year ended 31 March 2026 (Audited) | Quarter ended 31 March 2026 (Audited) | Quarter ended 31 March 2025 (Audited) | Year ended 31 March 2026 (Audited) |
| 1 | Total income from operations | 516.37 | 416.91 | 1,900.33 | 545.41 | 439.11 | 2,002.27 |
| 2 | Net profit / (loss) for the period (before tax, exceptional and / or extraordinary items) | 133.13 | 108.87 | 493.07 | 139.14 | 112.09 | 509.81 |
| 3 | Net profit / (loss) for the period before tax (after exceptional and / or extraordinary items) | 133.13 | 108.87 | 488.83 | 139.14 | 112.09 | 504.99 |
| 4 | Net profit / (loss) for the period after tax (after exceptional and / or extraordinary items) | 99.72 | 80.82 | 363.65 | 104.48 | 83.41 | 375.82 |
| 5 | Total comprehensive income for the period [comprising profit / (loss) for the period (after tax) and other comprehensive income (after tax)] | 96.18 | 83.85 | 358.30 | 104.77 | 86.55 | 371.39 |
| 6 | Paid up equity share capital | 181.45 | 181.45 | 181.45 | 181.45 | 181.45 | 181.45 |
| 7 | Reserve (excluding revaluation reserve) | 2,771.18 | 2,404.35 | 2,771.18 | 2,854.98 | 2,469.02 | 2,854.98 |
| 8 | Securities Premium Account | 784.14 | 784.14 | 784.14 | 793.66 | 788.91 | 793.66 |
| 9 | Net worth | 2,952.63 | 2,585.80 | 2,952.63 | 3,036.43 | 2,650.47 | 3,036.43 |
| 10 | Paid up Debt Capital/ Outstanding Debt | 9,762.42 | 8,722.38 | 9,762.42 | 10,314.07 | 9,177.52 | 10,314.07 |
| 11 | Outstanding Redeemable Preference Shares | - | - | - | - | - | - |
| 12 | Debt Equity Ratio (No. of times) | 3.31 | 3.37 | 3.31 | 3.40 | 3.46 | 3.40 |
| 13 | Earning per share (of ₹ 10/- each) (for continuing and discontinued operations) - (not annualised for quarter)) | | | | | | |
| | 1. Basic (₹) | 5.49 | 4.46 | 20.04 | 5.69 | 4.55 | 20.46 |
| | 2. Diluted (₹) | 5.49 | 4.46 | 20.04 | 5.69 | 4.55 | 20.46 |
| 14 | Capital Redemption Reserve | Nil | Nil | Nil | NA | NA | NA |
| 15 | Debenture Redemption Reserve | Nil | Nil | Nil | NA | NA | NA |
| 16 | Debt Service Coverage Ratio | NA | NA | NA | NA | NA | NA |
| 17 | Interest Service Coverage Ratio | NA | NA | NA | NA | NA | NA |

Notes:

a) The above is an extract of the detailed format of Quarterly / Annual financial results for the quarter ended 31 March 2026 which have been reviewed by the Audit Committee and subsequently approved by the Board of Directors in their meeting held on 29 April 2026, subjected to audit by the Statutory Auditors and filed with the Stock Exchanges under Regulation 33 and 52 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly / Annual Financial Results and pertinent disclosures related to other line items referred in the regulation 52(4) of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, are available on the websites of the Stock Exchanges at www.bseindia.com, www.nseindia.com, and on the website of the Company at www.mas.co.in.

b) The audited financial results of the Company have been prepared in accordance with the recognition and measurement principles laid down in the Indian Accounting Standard prescribed under Section 133 of the Companies Act, 2013 (the 'Act') read with relevant rules issued thereunder and other accounting principles generally accepted in India and in compliance with Regulation 33 and Regulation 52 of the Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, as amended (the 'SEBI Listing Regulations'). Any application guidance/ clarifications/ directions issued by Reserve Bank of India ('RBI') or other regulators are implemented as and when they are issued/ applicable.

For and on behalf of the Board of Directors of
MAS Financial Services Limited

Sd/-

Kamlesh C. Gandhi
(Chairman & Managing Director)
(DIN - 00044852)

Please : Ahmedabad
Date : 29 April 2026